# મહામંત્ર નવકાર દ્વારા લક્ષ્મીપ્રાપ્તિ માટેની ચમત્કારિક ગુરૂચાવી

- ૐ ઋષિ પ્રિતેશભાઇ

આત્યાધુનિક વૈજ્ઞાનિક યુગમાં માનવી તર્કપૂર્ણ ઔચિત્ય અનુભવાત્મક જ્ઞાનમાં જ ઘૂંટણિયે પડે છે. અંતર્મનની સંરચના છે જ એવી. તત્વજ્ઞાનીઓ જે શ્રદ્ધા અને ચમત્કારની વાતો કરે છે તેને આજના યુગનો માનવી ઉપેક્ષાની ખાઇમાં ફેંકી દે છે. વ્યક્તિ એ જ વાતોને અપનાવે છે, સ્વીકારે છે જે તેનું ચિંતન, ચરિત્ર અને વ્યવહાર પહેલા આસ્તિકતા, ધાર્મિકતા અને આધ્યાત્મિકતાની ત્રિવેણીમાં નિત્ય સ્નાન રહેતા હતા, તેની સ્થિતિ હવે બદલાઇ ગઇ છે. હવે તો બસ વાસના, તૃષ્ણા અને અહંકારને સંતોષવા ભક્તિ કરવામાં આવે છે. ઘણો બુદ્ધિજીવી વર્ગ એવો છે કે જે શ્રદ્ધા અને ચમત્કાર જેવા વિષયો પ્રત્યે પૂજ્યભાવ રાખે છે પણ છતાંય તેઓ આ વાતને પોતાના જીવનથી અલાયદી જ રાખે છે. મનુષ્યને જે શબ્દ ચમત્કાર લાગે છે એ જ કાર્ય કુદરત માટે, ઇશ્વરીય શક્તિ માટે કે જ્ઞાનની ઉપાસક અને સાધકો માટે ચમત્કાર નથી પણ ઇશ્વરનો પ્રસાદ છે. એ ઇશ્વરીય શક્તિથી મનુષ્યની તકલીફો, દુઃખ, દર્દ, ભૌતિક, સામાજિક અથવા તો આધ્યાત્મિકતામાં પડતી તકલીફો શક્તિ અને સાધકની તાકાતનાં માધ્યમથી દૂર કરવાની પ્રક્રિયા છે. જે સામાન્ય માણસને એક ચમત્કાર લાગે છે.

નવકારમંત્ર પણ એ જ શક્તિનું સ્વરૂપ છે. પૃથ્વી પરનાં મોટાભાગનાં મનુષ્યોને ભૌતિક સુખની લાલસા હોય છે. સાધક આ પંચપરમેષ્ઠિનું વિધિપૂર્વક ધ્યાન-ઉપાસના કરે તો તેને તેની સાધના પ્રમાણે ઉચિત ફળની પ્રાપ્તિ અવશ્ય થાય છે. સૂર્યના પ્રખર તાપથી જેમ હાનિકારક જીવાણુ નાશ પામે છે, કષ્ટાદિ પદાર્થોને જેમ અગ્નિ ભસ્મીભૂત કરે છે તેમ આ પંચપરમેષ્ઠિ ગુરૂ ભગવંતોને નમસ્કાર કરવાથી આપોઆપ જ જીવાત્માનાં કર્મોની નિર્જરા થાય છે. સાધકને ભૌતિક સુખ મેળવવા માટે પ્રતિકૂળતાનો ભોગ બનવું પડતું નથી. જે પણ સાધક લક્ષ્મીપ્રાપ્તિ માટે નીચે જણાવેલ વિધિ અનુસાર શ્રદ્ધા અને ભક્તિથી જાપ કરશે તો તેને આ વાસ્તવિકતાનો અનુભવ અચૂક થશે.

## <u>મેષ</u> - નમો અરિહંતાણં

નવકાર મંત્રનું આ પદ 45 વખત રોજ રાત્રે 8 થી 10 નાં સમય દરમ્યાન એક સ્ટીલની વાટકીમાં પાણી લઇ ઉત્તર તરફ મુખ રાખી, લાલ કલરનાં વસ્ત્ર ધારણ કરી અથવા તો લાલ કલરનો ખેસ ખભા પર નાંખીને મંત્ર કરવો અને એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસા કરી વાટકીમાંનું પાણી પી જવું. જેનાથી આપની આર્થિક ઉન્નતિ થશે અને પ્રગતિની નવી દિશા મળશે.

## <u>વૃષભ</u> -નમો લોએસવ્વસાહૂણં

નવકારમંત્રનું આ પદ 45 વખત રોજ સવારે 5 થી 6 નાં સમય દરમ્યાન એક સ્ટીલની વાટકીમાં પાણી લઇ પૂર્વ તરફ મુખ રાખી સફેદ કલરનાં વસ્ત્ર ધારણ કરી અથવા તો સફેદ કલરનો ખેસ

ખભા પર નાંખીને મંત્ર કરવો અને એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસા કરી વાટકીમાંનું પાણી પી જવું. જેનાથી આપને લક્ષ્મી પ્રાપ્તિ થશે અને આર્થિક મુશ્કેલીભરી પરિસ્થિતિમાંથી બહાર આવી જશો.

**મિથુન – નમો આયરિયાણં**

નવકારમંત્રનું આ પદ 45 વખત રોજ સવારે 6 થી 8 નાં સમય દરમ્યાન એક સ્ટીલની વાટકીમાં પાણી લઇ ઉત્તર તરફ મુખ રાખી પીળા કલરનાં વસ્ત્ર ધારણ કરી અથવા તો પીળા કલરનો ખેસ ખભા પર નાંખીને મંત્ર કરવો અને એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસા કરી વાટકીમાંનું પાણી પી જવું. જેનાથી આપને આર્થિક પ્રગતિની નવી દિશા મળશે.

**કર્ક – એસો પંચ નમુક્કારો**

નવકારમંત્રનું આ પદ 45 વખત રોજ સવારે 8 થી 10 નાં સમય દરમ્યાન એક સ્ટીલની વાટકીમાં પાણી લઇ દક્ષિણ તરફ મુખ રાખી ગુલાબી કલરનાં વસ્ત્ર ધારણ કરી અથવા તો ગુલાબી કલરનો ખેસ ખભા પર નાંખીને મંત્ર કરવો અને એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસા કરી વાટકીમાંનુ પાણી પી જવું. જેનાથી આપને આર્થિક ઉન્નતિમાં ચમત્કારિક પરિણામ મળશે.

**સિહં – નમો ઉવજ્ઝાયણં**

નવકારમંત્રનું આ પદ 45 વખત રોજ રાત્રે કે સવારે 9 થી 10.30 નાં સમય દરમ્યાન એક સ્ટીલની વાટકીમાં પાણી લઇ પૂર્વ તરફ મુખ રાખી લીલા કલરનાં વસ્ત્ર ધારણ કરી અથવા તો લીલા કલરનો ખેસ ખભા પર નાંખીને મંત્ર કરવો અને એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસા કરી વાટકીમાંનું પાણી પી જવું. જેનાથી આપ લક્ષ્મી પ્રાપ્તિ માટેની પ્રતિકૂળતામાંથી બહાર આવી જશો.

**કન્યા – સવ્વપાવપણાસણો**

નવકારમંત્રનું આ પદ 45 વખત રોજ સવારે 6 થી 8 નાં સમય દરમ્યાન એક સ્ટીલની વાટકીમાં પાણી લઇ પૂર્વ તરફ મુખ રાખી આસમાની કલરનાં વસ્ત્ર ધારણ કરી અથવા તો આસમાની કલરનો ખેસ ખભા પર નાંખીને મંત્ર કરવો અને એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસા કરી વાટકીમાંનું પાણી પી જવું. જેનાથી આપના આર્થિક અવરોધો દૂર થશે અને નવી પ્રગતિની દિશા મળશે.

**તુલા – પઢમં હવઇ મંગલં**

નવકારમંત્રનું આ પદ 45 વખત રોજ રાત્રે 9 થી 10 નાં સમય દરમ્યાન એક સ્ટીલની વાટકીમાં પાણી લઇ ઉત્તર તરફ મુખ રાખી બ્રાઉન કલરનાં વસ્ત્ર ધારણ કરી અથવા તો બ્રાઉન કલરનો ખેસ ખભા પર નાંખીને મંત્ર કરવો અને એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસા કરી વાટકીમાંનું પાણી પી જવું. જેનાથી આપ આર્થિક મુશ્કેલીમાંથી સંપૂર્ણ બહાર આવી જશો અને પ્રગતિ પણ થશે.

**<u>વૃશ્ચિક</u> – મંગલાણં ચ સવ્વેસિં**

નવકારમંત્રનું આ પદ 45 વખત રોજ રાત્રે 10 થી 11 નાં સમય દરમિયાન એક સ્ટીલની વાટકીમાં પાણી લઇ પૂર્વ તરફ મુખ રાખી સ્કાય બ્લ્યુ કલરનાં વસ્ત્ર ધારણ કરી અથવા તો બ્લ્યુ કલરનો ખેસ ખભા પર નાંખીને મંત્ર કરવો અને એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસા કરી વાટકીમાંનુ પાણી પી જવું. જેનાથી આપની આર્થિક ઉન્નતિ થશે અને પ્રગતિની નવી દિશા મળશે.

**<u>ધન</u> – નમો સિદ્ધાણં**

નવકારમંત્રનું આ પદ 45 વખત રોજ સવારે 7 થી 9 નાં સમય દરમ્યાન એક સ્ટીલની વાટકીમાં પાણી લઇ દક્ષિણ તરફ મુખ રાખી લાલ કલરનાં વસ્ત્ર ધારણ કરી અથવા તો લાલ કલરનો ખેસ ખભા પર નાંખીને મંત્ર કરવો અને એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસા કરી વાટકીમાંનું પાણી પી જવું. જેનાથી આપની આર્થિક સ્થિતિમાં ચોક્કસ સુધારો થશે.

**<u>મકર</u> – નમો આયરિયાણં**

નવકારમંત્રનું આ પદ 45 વખત રોજ રાત્રે 8 થી 10 નાં સમય દરમ્યાન એક સ્ટીલની વાટકીમાં પાણી લઇ પૂર્વ તરફ મુખ રાખી સફેદ કલરનાં વસ્ત્ર કરી અથવા તો સફેદ કલરનો ખેસ ખભા પર નાંખીને મંત્ર કરવો અને એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસા કરી વાટકીમાંનુ પાણી પી જવું. જેનાથી આપનો આર્થિક વિકાસ સારો થશે.

**<u>કુંભ</u> – નમો લોએસવ્વસાહૂણં**

નવકારમંત્રનું આ પદ 45 વખત રોજ સવારે 5.30 થી 7 નાં સમય દરમ્યાન એક સ્ટીલની વાટકીમાં પાણી લઇ ઉત્તર તરફ મુખ રાખી પીળા કલરનાં વસ્ત્ર ધારણ કરી અથવા તો પીળા કલરનો ખેસ ખભા પર નાંખીને મંત્ર કરવો અને વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસા કરી વાટકીમાંનુ પાણી પી જવું. જેનાથી આપની આર્થિક ઉન્નતિ થશે અને કુબેરનો ભંડાર ભરાશે.

## મીન – પઢમં હવઇ મંગલં

નવકારમંત્રનું આ પદ 45 વખત રોજ રાત્રે 8 થી 11 નાં સમય દરમ્યાન એક સ્ટીલની વાટકીમાં પાણી લઇ દક્ષિણ તરફ મુખ રાખી કોફી કલરનાં વસ્ત્ર ધારણ કરી અથવા તો કોફી કલરનો ખેસ ખભા પર નાંખીને મંત્ર કરવો અને એક વખત ૐઋષિ રચિત ૐકાર ચાલીસા કરી વાટકીમાંનુ પાણી પી જવું. જેનાથી આપની આર્થિક ઉન્નતિમાં ચમત્કારિક સકારાત્મક પરિવર્તન આવશે.

### શ્રી નવકાર મહામંત્ર

ૐ નમો અરિહંતાણં

ૐ નમો સિદ્ધાણં

ૐ નમો આયરિયાણં

ૐ નમો ઉવજ્ઝાયાણં

ૐ નમો લોએ સવ્વસાહૂણં

ૐ એસો પંચ નમુક્કારો

ૐ સવ્વપાવપણાસણો

ૐ મંગલાણં ચ સવ્વેચિ

ૐ પઢમં હવઇ મંગલં

|| ૐ નમઃ ||